મેસીની હેટ્રિક, એમ્બાપ્પે, હાલેન્ડના 2-2 ગોલ, રોનાલ્ડોથી ગોલ ન થયો

એક જ દિવસે ચાર મહારથી મેદાનમાં, ત્રણ સફળ એક નિષ્ફળ

નવી દિલ્હી, તા. 17 : ફિફા વર્લ્ડકપમાં આજે બુધવારની મધરાતથી લઇને વહેલી સવારથી રાત્રે 10.30 વાગ્યા સુધીમાં રમાયેલી ચાર મેચમાં આર્જેન્ટીનાનો લિયોનલ મેસી, ફ્રાન્સનો કિલિયન એમ્બાપ્પે, નોર્વેનો અર્લિંગ હાલેન્ડ અને પોર્ટુગલનો ક્રિસ્ટીયાનો રોનાલ્ડો મેદાનમાં ઉતર્યા હતા. વહેલી સવારની મેચમાં મેસીએ પોતાની વર્લ્ડકપની પહેલી હેટ્રિકની સાથે સાગમટે ઘણી સિદ્ધિ અંકે કરી હતી, જ્યારે તેના પહેલા રમાયેલી મેચમાં ફ્રાન્સ વતી એમ્બાપ્પેએ બે ગોલ કરીને વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે દિગ્ગજ પેલેથી આગળ નીકળ્યો હતો. તો પોતાનો પહેલો વર્લ્ડકપ રમી રહેલા હાલેન્ડે ઇરાક

સામેની 4-1ની જીતમાં બે ગોલ કરીને પોતાની હાજરી નોંધાવી દીધી હતી. રાત્રે ડીઆર કોંગો સામે રમાયેલી મેચમાં રોનાલ્ડો સમગ્ર મેચ દરમિયાન સુધીમાં ગોલ કરી શક્યો નહોતો.

મેચ દરમિયાન રોનાલ્ડો પાસે બે તક આવી હતી પણ તે પોતાની પાસે આવેલી તકને ગોલમાં ફેરવી શક્યો નહોતો. પોર્ટુગલ સામેની ટીમ ડીઆર કોંગો બાવન વર્ષ પછી ફિફા વર્લ્ડકપમાં ક્વોલિફાઇ થઇ હતી પણ તેના ખેલાડીઓએ ઉમદા રમતનું પ્રદર્શન કર્યું હતું અને રોનાલ્ડો પાસે બોલ પહોંચે નહીં તેની ચોકસાઇ રાખવાની સાથે તેને ખુલીને રમવાની તક પણ તેમણે આપી નહોતી.

મેસીની હેટ્રિકથી આર્જેન્ટીનાએ 3-0થી અલ્જીરિયાને હરાવ્યું

ફિફા વર્લ્ડકપમાં પોતાની પહેલી હેટ્રિક ફટકારનાર મેસીનો એક ગોલ તે પછી ઓફસાઇડ ગણાયો અને બીજો ક્રોસબારમાં વાગ્યો

વિક્રમી છઠ્ઠો વર્લ્ડકપ રમનારો પહેલો ખેલાડી બનવા સાથે મેસીએ વર્લ્ડકપમાં સતત પાંચમી મેચમાં ગોલ કર્યો

કેન્સાસ સિટી, તા. 17 (એપી) : ફિફા વર્લ્ડકપમાં આજે અહીં અલ્જીરિયા સામે ગ્રુપ સ્ટેજની મેચમાં રમવા ઉતરીને વિક્રમી છઠ્ઠો વર્લ્ડકપ રમનારો પહેલો ખેલાડી બનનારા લિયોનેલ મેસીએ પોતાની પહેલી વર્લ્ડકપ હેટ્રિક સાથે જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના 16 ગોલના રેકોર્ડની બરાબરી કરી હતી અને તેના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ અલ્જીરિયાને 3-0થી હરાવ્યું હતું. મેસીએ શરૂઆતની મિનિટોમાં ઇન્ટર મિયામી ટીમના સાથી રોડ્રિગો ડી પોલના પાસ વડે પહેલો ગોલ કર્યો. તેણે બીજા હાફની શરૂઆતમાં બીજો અને અંતિમ મિનિટોમાં ત્રીજો ગોલ કર્યો, જેનાથી પ્રેક્ષકોએ ઉભા થઈને તાળીઓ પાડી. મેસ્સીએ આર્જેન્ટિના માટે સર્બિયા અને મોન્ટેનેગ્રો સામે વર્લ્ડકપમાં ડેબ્યૂ કર્યાના 20 વર્ષ પછી હેટ્રિક ફટકારી હતી. આ સાથે જ મેસીએ વર્લ્ડકપમાં સતત પાંચમી મેચમાં ગોલ કર્યો છે.

વિક્રમી છઠ્ઠા વર્લ્ડકપમાં હેટ્રિક ગોલની સાથે લિયોનલ મેસીએ ઘણી સિદ્ધિઓ અંકે કરી

વર્લ્ડકપમાં સર્વાધિક ગોલની બરાબરી, સૌથી વધુ વયે વર્લ્ડકપ હેટ્રિક, ગોલમાં સર્વાધિક યોગદાનમાં પેલેનો રેકોર્ડ તોડ્યો

આર્જેન્ટિના તરફથી રમતી વખતે તેની 11મી હેટ્રિક હતી. ટુર્નામેન્ટના ઇતિહાસમાં સંયુક્ત રીતે સૌથી વધુ ગોલ કરવા મામલે તેણે જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના રેકોર્ડની બરાબરી કરે છે. મેસી વર્લ્ડકપ મેચમાં બહુવિધ ગોલ કરવાનો રોજર મિલાનો રેકોર્ડ તોડી સૌથી વધુ વય ધરાવતો ખેલાડી

ફિફા વર્લ્ડકપમાં સૌથી વધુ વયે હેટ્રિક ગોલ કરનારા ખેલાડી

ખેલાડી	દેશ	વય	હરીફ ટીમ	વર્ષ
લિયોનલ મેસી	આર્જેન્ટીના	38 વર્ષ 357 દિવસ	અલ્જીરીયા	2026
ક્રિસ્ટીયાનો રોનાલ્ડો	પોર્ટુગલ	33 વર્ષ 130 દિવસ	સ્પેન	2018
રોબ રેન્સેનબ્રિંક	નેધરલેન્ડ	30 વર્ષ 335 દિવસ	ઇરાન	1978
પેડ્રો સિઆ	ઉરુગ્વે	29 વર્ષ 329 દિવસ	યુગોસ્લાવિયા	1930

ફિફા વર્લ્ડકપ ઇતિહાસમાં સૌથી વધુ ગોલ

ખેલાડી	દેશ	ગોલ
મીરોસ્લાવ ક્લોઝ	જર્મની	16
લિયોનેલ મેસી	આર્જેન્ટિના	16
રોનાલ્ડો	બ્રાઝિલ	15
જેર્ડ મુલર	જર્મની	14
કિલિયન એમબાપ્પે	ફ્રાન્સ	14

કેન્સાસ સિટી : લિયોનેલ મેસ્સીએ બુધવારે અલ્જેરિયા સામે આર્જેન્ટિનાની ટુર્નામેન્ટ ઓપનર મેચ દરમિયાન ફિફા વર્લ્ડકપમાં પોતાની પહેલી હેટ્રિક ફટકારીને બતાવ્યું કે તે શા માટે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છે. છઠ્ઠો વર્લ્ડકપ રમનારો પહેલો ખેલાડી બનવાની સાથે તેણે ઘણી સિદ્ધિઓ મેળવી.

આ તેની કેરિયરની 61મી હેટ્રિક હતી અને બનવાની સાથે રોનાલ્ડોનો રેકોર્ડ તોડીને હેટ્રિક ફટકારનાર સૌથી મોટી ઉમરનો ખેલાડી પણ બન્યો છે. આ રેકોર્ડ્સ સાથે ટુર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ યોગદાન આપવાનો બ્રાઝિલના દિગ્ગજ પેલેનો લાંબા સમયથી ચાલતો રેકોર્ડ પણ તોડી નાખ્યો. પેલે 13 ગોલ, આઠ આસિસ્ટ સાથે 21 યોગદાનનો રેકોર્ડ ધરાવતા હતા અને મેસીએ ત્રણ ગોલ કર્યા પછી તેમને પાછળ છોડ્યા હતા. અને તેની પાસે હવે 24 યોગદાન 16 ગોલ અને આઠ આસિસ્ટ સાથે કુલ 24 યોગદાન છે.

વર્લ્ડકપ ડેબ્યૂમાં હાલેન્ડના બે ગોલ નોર્વેએ ઈરાકને 4-1થી હરાવ્યું

અર્લિંગ હાલેન્ડે બે ગોલ કરવાની સાથે જ એક ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી

1986માં ડેબ્યુ પછી માત્ર બીજીવાર વર્લ્ડકપ રમી રહેલી ઇરાકની ટીમે પણ સારી રમત દાખવી

ફોક્સબરો, તા. 17 : ફિફા વર્લ્ડકપમાં મંગળવારે રમાયેલી ગ્રુપ-આઈની મેચમાં અર્લિંગ હાલેન્ડે તેના ટૂર્નામેન્ટના ડેબ્યૂમાં જ ડિફેન્સની ભૂલનો ફાયદો ઉઠાવીને પોતાના પ્રથમ બે વર્લ્ડકપ ગોલ કરીને એક ગોલ કરવામાં મદદ પણ કરી હતી. તેના આ શાનદાર પ્રદર્શનને કારણે નોર્વેએ ઈરાક સામે 4-1થી વિજય

મેળવ્યો હતો.

માન્ચેસ્ટર સિટીના આ સ્ટ્રાઈકરના હવે 57 ઇન્ટરનેશનલ ગોલ થઈ ગયા છે. 1998માં ફ્રાન્સમાં રમાયેલા વર્લ્ડકપમાં રાઉન્ડ ઓફ 16 સુધી પહોંચ્યા બાદ આ ટૂર્નામેન્ટમાં નોર્વેની આ પ્રથમ ઉપસ્થિતિ છે. ખાસ વાત એ છે કે નોર્વે જ્યારે છેલ્લે વર્લ્ડકપ રમ્યું તેના બે વર્ષ પછી હાલેન્ડનો જન્મ થયો હતો.

કિલિયન એમબાપ્પેના બે ગોલથી ફ્રાન્સે સેનેગલને 3-1થી હરાવ્યું

એમ્બાપ્પેએ ફ્રાન્સ વતી સર્વાધિક ઇન્ટરનેશનલ ગોલ કરવા મામલે ગિરોડનો રેકોર્ડ તોડ્યો

ઈસ્ટ રધરફોર્ડ તા. 17 : ફિફા વર્લ્ડકપની પોતાની પ્રથમ મેચના પ્રથમ હાફમાં નબળા પ્રદર્શન બાદ, કિલિયન એમબાપ્પેએ શાનદાર વાપસી કરીને ફ્રાન્સને જીત અપાવી હતી. એમબાપ્પેએ મેચમાં બે ગોલ કરીને પેલેના 14 વર્લ્ડકપ ગોલના રેકોર્ડને વટાવી દીધો હતો. આ સાથે ફ્રાન્સે સેનેગલને 3-1થી પરાજય આપ્યો હતો.

મેચના પ્રથમ હાફમાં એમબાપ્પે માત્ર 14 વખત જ બોલને અડી શક્યો હતો, જે કોઈપણ ખેલાડીમાં સૌથી ઓછો આંકડો હતો. જોકે, 66મી મિનિટે તેણે ફ્રાન્સને સરસાઈ અપાવી હતી. મેચની

82મી મિનિટે, મેદાનમાં આવ્યાની માત્ર બે જ મિનિટમાં બ્રેડલી બારકોલાએ ફ્રાન્સની સરસાઇ બમણી કરી દીધી હતી. ત્યારબાદ ઈન્જરી ટાઈમની પાંચમી મિનિટે સેનેગલના ઈબ્રાહિમ મ્બાયેએ એક ગોલ કરીને સ્કોર 2-1 કર્યો હતો. પરંતુ તેની માત્ર 68 સેકન્ડ પછી, એમબાપ્પેએ 30 યાર્ડના અંતરેથી જમણા પગે એક અદભુત ગોલ કરીને ફ્રાન્સને 3-1થી જીત અપાવી દીધી.

ફ્રાન્સના એમ્બાપ્પેએ 14 વર્લ્ડકપ ગોલ સાથે પેલેને પાછળ છોડી દીધા

ઈસ્ટ રૂથરફોર્ડ, તા. 17 : ફ્રાન્સના કિલિયન એમબાપ્પેએ સર્વકાલીન ટોચના વર્લ્ડકપ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં બ્રાઝિલના ફૂટબોલ દિગ્ગજ પેલેને પાછળ છોડી દીધા છે. ફ્રાન્સની સેનેગલ સામેની વર્લ્ડકપ મેચમાં એમબાપ્પેએ બે ગોલ કર્યા, જેનાથી તેની ટીમ 3-1થી જીતવામાં મદદ મળી. તેણે ફ્રાન્સ માટે ઓલિવિયર ગિરોડનો 58 ગોલનો

ફ્રેન્ચ રેકોર્ડ પણ તોડ્યો. પોતાનો ત્રીજો વર્લ્ડકપ રમી રહેલા એમબાપ્પેએ પેલે અને ફ્રાન્સના જસ્ટ ફોન્ટેનને વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે છોડી દીધા છે. તે જર્મનીના ગેર્ડ મુલર સાથે ત્રીજા સ્થાને છે, જે બ્રાઝિલના રોનાલ્ડો કરતા એક ગોલ પાછળ છે. દરમિયાન, આર્જેન્ટિનાના લિયોનેલ મેસી સૌથી વધુ 16 ગોલ સાથે સંયુક્ત પહેલા સ્થાને છે.

ઓસ્ટ્રિયાએ જોર્ડનને હરાવીને 36 વર્ષ પછી વર્લ્ડકપમાં મેચ જીતી

સાન્ટા ક્લેરા, તા. 17 : ફિફા વર્લ્ડકપ 2026માં ઓસ્ટ્રિયાએ જોર્ડનને 3-1થી હરાવીને 36 વર્ષમાં પ્રથમ વર્લ્ડકપ જીત મેળવી હતી. 76મી મિનિટે જોર્ડનના ડિફેન્ડર યાઝાન અલ-અરબે આત્મઘાતી ગોલ કરીને ઓસ્ટ્રિયાને 2-1ની સરસાઇ અપાવી. અનુભવી સ્ટ્રાઈકર માર્કો આર્નોટોવિકે સ્ટોપેજ સમયમાં પેનલ્ટી કોર્નરને

ગોલમાં રૂપાંતરિત કરીને સરસાઇ 3-1 સુધી લંબાવી. ઓસ્ટ્રિયા છેલ્લા છ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહ્યું. ઓસ્ટ્રિયા તરફથી રોમાનો શ્મિડે 20મી મિનિટે ગોલ કર્યો, જ્યારે જોર્ડન તરફથી અલી ઓલ્વાને 50મી મિનિટે બરાબરી કરી. જોર્ડન હવે સોમવારે અલ્જેરિયા સામે રમશે જ્યારે ઓસ્ટ્રિયા તે જ દિવસે લિયોનેલ મેસ્સીની આર્જેન્ટિના ટીમ સામે રમશે.

ગિલ-કિશનની સદી : અફઘાનિસ્તાનને હરાવી ભારતની 2-0ની અજેય સરસાઇ

શુભમન ગીલ અને ઇશાન કિશનની બેવડી સદીની ભાગીદારીથી ભારતે 402 રન બનાવ્યા.

અર્શદીપ, પ્રિન્સ ચાદવ અને ગુરનૂરની પ્રભાવક બોલિંગથી અફઘાનિસ્તાનનો 232 રનમાં વિંટો વાળ્યો

લખનૌ, તા. 17 : ભારતીય કેપ્ટન શુભમન ગિલે અસહ્ય ગરમી અને સ્નાયુઓના ખેંચાણ સામે ઝઝૂમીને 154 રનની શાનદાર ઇનિંગ જ્યારે બીજી તરફ, પુનરાગમન સીરિઝ રમી રહેલા ઇશાન કિશને આત્મવિશ્વાસ સાથે શાનદાર સદી ફટકારતા બંનેના ઉત્કૃષ્ટ પ્રદર્શનની મદદથી ભારતે બીજી વન-ડેમાં અફઘાનિસ્તાન સામે 170 રનથી ભવ્ય વિજય મેળવીને ત્રણ મેચની સીરિઝમાં 2-0ની અજેય સરસાઇ મેળવી લીધી છે.

બપોરના કાળઝાળ તડકામાં અફઘાનિસ્તાનનો પહેલા બોલિંગ કરવાનો નિર્ણય ઊંધો પડ્યો હતો. ગિલ અને કિશને ત્રીજી વિકેટ માટે માત્ર 141 બોલમાં 224 રનની તોફાની ભાગીદારી કરીને ભારતનો સ્કોર 402 રન સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. અફઘાનિસ્તાન માટે 400થી વધુ

રનનો ટાર્ગેટ ચેઝ કરવો ખૂબ મુશ્કેલ હતો અને આખી ટીમ 44.3 ઓવરમાં 232 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત

	રન	બોલ	4	6
જયસ્વાલ કો.ખરોટે બો.સલીમ	4	9	1	0
રોહિત બો.રાશિદ	48	39	6	2
ગીલ કો.રસૂલી બો.ખરોટે	154	110	22	2
કિશન કો.અલિખીલ બો.ખરોટે	125	79	14	7
અય્યર કો.ઇબ્રાહિમ બો.ખરોટે	26	24	1	1
રાહુલ કો.ઇબ્રાહિમ બો.ખરોટે	0	1	0	0
સુંદર કો.ગુરબાઝ બો.રાશિદ	19	19	1	0
ગુરનૂર કો.ઇબ્રાહિમ બો.રાશિદ	3	7	0	0
અર્શદીપ કો.રાશિદ બો.ઘઝનફર	3	4	0	0
કુલદીપ નોટઆઉટ	3	3	0	0
પ્રિન્સ રનઆઉટ	5	5	0	0
વધારાના	12			
કુલ (49.5 ઓવરમાં ઓલઆઉટ)	402			

વિકેટપતન : 1-9, 2-96, 3-320, 4-360, 5-360, 6-371, 7-387, 8-392, 9-396, 10-402

બોલિંગ	O	M	R	W
અલી ઘઝનફર	10	1	69	1
મહંમદ સલીમ	8	0	75	1
બિલાલ સામી	8.5	0	90	0
નાન્ગેલિયા ખરોટે	10	0	76	4
રાશિદ ખાન	8	0	48	3
હસમતુલ્લા શાહિદી	5	0	36	0

વન ડે ઇતિહાસમાં સર્વાધિક વાર 400+ રન મામલે ભારત-દ.આફ્રિકા બરાબરીએ

ભારત વન ડે ક્રિકેટ ઇતિહાસમાં સૌથી વધુ વખત 400થી વધુ રન બનાવવા મામલે સંયુક્ત રીતે દક્ષિણ આફ્રિકા સાથે પહેલા ક્રમે છે.

વન ડેમાં સર્વાધિકવાર 400+ રન કરનારી ટીમો

ભારત	08
દક્ષિણ આફ્રિકા	08
ઇંગ્લેન્ડ	07
ઓસ્ટ્રેલિયા	03

આફ્ઘાનિસ્તાન

	રન	બોલ	4	6
ગુરબાઝ કો.રાહુલ બો.ગુરનૂર	41	33	7	1
ઇબ્રાહિમ કો.પ્રિન્સ બો.અર્શદીપ	21	31	3	0
અટલ :LB બો,સુંદર	42	50	5	1
રહમત કો.ગુરનૂર બો.પ્રિન્સ	79	89	8	0
રસૂલી રિટાયર્ડ હર્ટ	6	6	1	0
શાહિદી બો.ગુરનૂર	4	2	1	0
ખરોટે બો.પ્રિન્સ	6	11	0	0
રાશિદ કો.રોહિત બો.અર્શદીપ	12	12	2	0
ઘઝનફર કો.અય્યર બો.અર્શદીપ	1	2	0	0
સલીમ બો.ગુરનૂર	9	19	2	0
બિલાલ નોટઆઉટ	2	14	0	0
વધારાના	9			
કુલ (44.3 ઓવરમાં ઓલઆઉટ)	232			

વિકેટપતન : 1-52, 2-71, 3-128, 3-136*, 4-140, 5-170, 6-188, 7-190, 8-220, 9-232

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	9	0	45	3
પ્રિન્સ ચાદવ	7.3	0	56	2
ગુરનૂર ઘ્રાર	10	0	60	3
કુલદીપ યાદવ	10	0	42	0
વોશિંગ્ટન સુંદર	7	0	24	1
યશસ્વી જયસ્વાલ	1	0	3	0

મહિલા ટી-20 વર્લ્ડકપ : નેધરલેન્ડને હરાવી ભારતનું વિજયી અભિયાન યથાવત

શેફાલી અને સ્મૃતિની અર્ધસદીની મદદથી 209 રન કરી ભારતે ટી-20 વર્લ્ડકપમાં પોતાનો સર્વાધિક સ્કોર બનાવ્યો

લીડ્સ, તા. 17 : મહિલા ટી-20 વર્લ્ડકપમાં આજે અહીં રમાયેલી એક મેચમાં ભારતીય મહિલા ટીમે ધરલેન્ડ્સને 95 રનથી હરાવીને પોતાનું વિજયી અભિયાન જાળવી રાખ્યું હતું. આ પહેલા ટીમે ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં પાકિસ્તાનને હરાવ્યું હતું. આજે બુધવારે રમાયેલી મેચમાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરીને સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની અર્ધસદીઓની મદદથી 209 રન બનાવ્યા. ટી-20 વર્લ્ડકપમાં ભારતીય મહિલા ટીમનો આ સૌથી વધુ સ્કોર છે. જ્યારે મહિલા ટી-20 વર્લ્ડકપમાં કોઈપણ ટીમ દ્વારા બનાવેલ આ ત્રીજો સૌથી વધુ સ્કોર છે. તે પછી નેધરલેન્ડ્સનો 17.3 ઓવરમાં 114 રનમાં વિંટો વાળીને આ મેચ 95 રનથી જીતી લીધી હતી.

બાંગ્લાદેશ સામેની પ્રથમ ટી-20માં ઓસ્ટ્રેલિયાની જીત

ચટગાંવ તા. 17 : ધીમી ગતિના બોલરો એડમ ઝામ્પા અને જોએલ ડેવિસે ત્રણ-ત્રણ વિકેટ ઝડપીને બુધવારે અહીં રમાયેલી ત્રણ મેચની ટી-20 સીરિઝની પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાને બાંગ્લાદેશ સામે ચાર વિકેટે વિજય અપાવ્યો હતો. છેલ્લા 60 વર્ષમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ ભારતીય મૂળના પુરુષ ક્રિકેટર અને લેગ-સ્પિનર નિખિલ ચૌધરીએ પણ એક વિકેટ મેળવી હતી, જેના કારણે બાંગ્લાદેશની ટીમ 19 ઓવરમાં 131 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ત્રિકોણીય સીરિઝ : અફઘાનિસ્તાન-Aને હરાવી ભારત-A ફાઇનલમાં

ભારત-A ટીમે 319 રન બનાવ્યા પછી અફઘાનિસ્તાન-Aનો 218 રનમાં વિંટો વાળ્યો

દામ્બુલા, તા. 17 : અહીં રમાઇ રહેલી ત્રિકોણીય સીરિઝની પાંચમી મેચમાં આજે બુધવારે અફઘાનિસ્તાન-Aને 101 રનથી હરાવીને ભારત A ટીમે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

જ્યાં અફઘાનિસ્તાન A ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી પ્રથમ બેટિંગ કરતા, ભારતે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 319 રન બનાવ્યા. જવાબમાં, અફઘાનિસ્તાન 36.5 ઓવરમાં 218 રનમાં ઓલઆઉટ થતા મેચ હારી ગયું. ભારતની શરૂઆત સારી રહી, અને વૈભવ સૂર્યવંશીએ આઠ ઓવરમાં પ્રિયાંશ આર્ય સાથે 75 રનની ઓપનિંગ ભાગીદારી કરી. જો કે તે 28 બોલમાં 38 રન કરીને આઉટ થયો હતો. પ્રિયાંશ, કેપ્ટન તિલક વર્મા અને કુમાર કુશાગ્રે શાનદાર અડધી સદી ફટકારીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી.

રોનાલ્ડોના પોર્ટુગલને ડ્રો પર રોકી ડીઆર કોંગોએ અપસેટ કર્યો

મેચની છઠ્ઠી મિનિટે નેવેસે કરેલા ગોલથી પોર્ટુગલે સરસાઇ લીધી પણ તેઓ મેચ જીતી ન શક્યા

હાફ ટાઇમના વધારાના સમયમાં ડીઆર કોંગો વતી યોએન વિસાએ બરાબરીનો ગોલ કર્યો

હ્યુસ્ટન, તા 17 : ફિફા વર્લ્ડકપમાં આજે અહીં રમાયેલી એક મેચમાં બાવન વર્ષ પછી વર્લ્ડકપમાં ક્વોલિફાઇ થયેલા ડીઆર કોંગોએ જોરદાર રમતનું પ્રદર્શન કરીને ક્રિસ્ટીયાનો રોનાલ્ડોની આગેવાની હેઠળના પોર્ટુગલ સામેની મેચ 1-1થી ડ્રો કરીને હાલના વર્લ્ડકપનો બીજો સૌથી મોટો અપસેટ કર્યો હતો.

મેચ શરૂ થયાની છઠ્ઠી મિનિટે જોઆઓ નેવેસે હેડર વડે ગોલ કરીને પોર્ટુગલને સરસાઇ અપાવી હતી. છેલ્લા વર્લ્ડકપમાં હાજરી આપ્યાના બાવન વર્ષ પછી ટૂર્નામેન્ટ રમી રહેલા ડીઆર કોંગો વતી યોએન વિસાએ પહેલા હાફના વધારાના સમયમાં ગોલ કરીને સ્કોર બરાબરી પર મૂક્યો હતો. બીજા હાફની શરૂઆતમાં ડીઆર કોંગોના ગોલકીપર મ્પાસીએ બોલ રિલિઝ કરવામાં ખૂબ લાંબો સમય લેતા નવા નિયમ અનુસાર પોર્ટુગલને કોર્નર આપવામાં આવ્યો. જો કે તેઓ તેને ગોલમાં ફેરવી શક્યા નહોતા. મેચની 74મી મિનિટે રોનાલ્ડો પાસે મોટી તક આવી અને તેણે છ યાર્ડના બોક્સના કિનારેથી જોરદાર શોટ માર્યો હતો પણ તે ગોલ પોસ્ટથી વાઇડ જતો રહ્યો હતો. ડીઆર કોંગોના ખેલાડીઓએ સમગ્ર મેચ દરમિયાન વિશ્વની ટોચની ટીમોમાંની એક એવા પોર્ટુગલ સામે જોરદાર રમતનું પ્રદર્શન કર્યું હતું અને તેઓએ ઘણી તકો પણ ઊભી કરી હતી, જો કે ઇન્ટરનેશનલ લેવલે રમતનો ઓછો અનુભવ તેમને સરસાઇ લેતા અટકાવી ગયો હતો.

ફૂટબોલ વર્લ્ડકપ ડાયરી

કેપ વર્ડેનો વોજિન્હા રાતોરાત ઇન્સ્ટાગ્રામ સ્ટાર બની ગયો

મેક્સિકો સિટી, તા. 17 : કેપ વર્ડેનો 40 વર્ષીય ગોલકીપર વોજિન્હા પોતાના વર્લ્ડકપ ડેબ્યૂમાં શાનદાર પ્રદર્શન બાદ ઇન્સ્ટાગ્રામ પર રાતોરાત સ્ટાર બની ગયો છે. એટલાન્ટામાં સોમવારની મેચ પહેલા, વોઝિન્હાના ઇન્સ્ટાગ્રામ પર 50,000 ફોલોઅર્સ હતા, જે હવે વધીને દસ લાખથી વધુ થઈ ગયા છે. મેચના 24 કલાકની અંદર આ વધારો થયો હતો. તેણે બ્રાઝિલિયન યુટ્યુબ ચેનલ કાજે ટીવીને કહ્યું કે તે અદ્ભૂત છે.

નેમારની મેદાનમાં વાપસી, બ્રાઝિલ ટીમ સાથે પ્રેક્ટિસ કરી

મોરિસ્ટાઉન, તા. 17 : જમણા પગની ઇજામાંથી સ્વસ્થ થઈ રહેલા નેમારે આજે બુધવારે પહેલીવાર બ્રાઝિલની વર્લ્ડ કપ ટીમ સાથે પ્રેક્ટિસ કરી. તે પૂર્ણ ગતિએ રમ્યો નથી પણ ન્યૂ યોર્કની બહાર ટીમના તાલીમ શિબિરમાં કન્ડીશનીંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. 17 મેના રોજ બ્રાઝિલના સાન્તોસ ક્લબ તરફથી રમતી વખતે તેમને થયેલી ઈજા કેટલી હદ સુધી પહોંચી હતી તે જાણવા માટે સોમવારે તેના પરીક્ષણો કરવામાં આવ્યા. પોતાનો ચોથો વર્લ્ડકપ રમવા આવેલા 34 વર્ષીય નેમારે હજુ સુધી સંપૂર્ણ પ્રેક્ટિસ સત્રમાં ભાગ લીધો નથી.

જર્મન ફૂટબોલ ટીમના વર્લ્ડકપ કેમ્પમાં ઝેરી સાપ મળી આવ્યો

ન્યૂ યોર્ક, તા. 17 : ફિફા વર્લ્ડ કપમાં જર્મન ફૂટબોલ ખેલાડીઓ ફક્ત વિરોધી ટીમ અને તેમની વ્યૂહરચના વિશે જ ચિંતિત નથી, પરંતુ ઉત્તર કેરોલિનામાં તેમના બેઝ કેમ્પમાં ઘાસમાં એક સાપ દેખાયો હોવાથી તેમને તેનાથી પણ સુરક્ષિત રહેવું પડશે. જર્મનીના કેપ્ટન જોશુઆ કિમિચે આ વિશે વાત કરી. બીબીસીના અહેવાલ મુજબ સ્વિસ અને નોર્વેજીયન ટીમો તરફથી પણ આવી જ ફરિયાદો મળી છે. બ્રિટિશ વેબસાઇટે જણાવ્યું હતું કે કિમિચ અને તેની ટીમનો સામનો ઉત્તર કેરોલિનામાં જોવા મળતા કોપરહેડ નામના ઝેરી સાપ સાથે થયો હતો.

ટાયલર બિન્ડન અને તેની માતા ફૂટબોલ વર્લ્ડકપમાં રમનાર માતા-પુત્રની પહેલી જોડી

ન્યૂ યોર્ક, તા. 17 : ટાયલર બિન્ડને ઈરાન સામેની વર્લ્ડકપ ઓપનરમાં ન્યુઝીલેન્ડ માટે મેદાનમાં ઉતરીને ઇતિહાસ રચ્યો, જેમાં તેની માતા જેની બિન્ડન અને ટાયલર વર્લ્ડકપમાં રમનારી પ્રથમ માતા-પુત્રની જોડી બની છે. જેની 2004થી 2014 સુધી ન્યુઝીલેન્ડની ગોલકીપર હતી અને 2007 અને 2011 મહિલા વર્લ્ડકપ તેમજ 2008 અને 2012 ઓલિમ્પિક્સમાં રમી હતી. સોમવારે વર્લ્ડકપ મેચમાં જ્યારે ટાયલર અવેજી ખેલાડી તરીકે મેદાનમાં આવ્યો ત્યારે તેના માતા-પિતા પણ સ્ટેન્ડમાં હાજર હતા, જ્યાં ન્યુઝીલેન્ડે ઈરાન સાથે 2-2થી ડ્રો રમી હતી. ટાયલરના પિતા, ગ્રાન્ટ, ન્યુઝીલેન્ડના માજી વોલીબોલ કેપ્ટન હતા.

બે અઠવાડિયા પહેલા અટકાયતમાં લેવાયેલા હુસૈન ડાગાનો ઇરાક માટે પહેલો ગોલ

ફોક્સબોરો, તા. 17 : ઇરાકના સ્ટ્રાઈકર આયમેન હુસૈન પોતાના પહેલા વર્લ્ડકપમાં રમવા માટે અમેરિકા પહોંચ્યા પછી શિકાગોમાં યુએસ કસ્ટમ્સ દ્વારા તેને અને ટીમના અન્ય સભ્યને ઘણા કલાકો સુધી અટકાયતમાં રાખ્યા હતા, જો કે અમેરિકામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવા છતાં તેણે તેની ડેબ્યૂ મેચમાં ગોલ કર્યો. ઘટનાના બે અઠવાડિયા પછી, આયમેને નોર્વે સામે પોતાના દેશનો બીજો વર્લ્ડકપ ગોલ કર્યો, જોકે ઇરાક આ મેચ 1-4થી હારી ગયું.